# ભાવવધારા માટે વાયદા નહિ, અન્ય કારણો પણ જવાબદાર

ભાસ્કર ન્યૂઝ . મુંબઇ



મોંઘવારી, ફુગાવો તથા કૃષિપેદાશોના આસમાને પહોંચેલા ભાવ માટે વાયદાબજારો નહિ પણ અન્ય મુદ્દાઓ જવાબદાર હોવાનો દાવો આજે દેશનાં અગ્રણી કોમોડિટી એક્સ્ચેન્જ એનસીડેક્સનાં મેનેજિંગ ડિરેક્ટર તથા સી. ઈ. ઓ.એ કર્યો હતો. તેમણે આ સંદર્ભના સચોટ પુરાવા પણ રજૂ કર્યા હતા. સમાજમાં ફેલાતી ગેરમાન્યતાનાં કારણે કોમોડિટી એક્સ્ચેન્જો જાણેઅજાણે બલિનો બકરો બનતા હોવાથી વહેલી તકે આ ખોટી વિચારધારાને દૂર કરવાના પ્રયાસો કરવાની આર. રામશેષને બુદ્ધિજીવીઓને અપીલ પણ કરી હતી.

મુંબઇમાં પત્રકારો સાથેની વાતચીતમાં તેમણે વિવિધ સંશોધનો આધારિત અહેવાળ પ્રસિદ્ધ કરતાં જણાવ્યું હતું કે છેલ્લા એક વર્ષમાં મગ, મસુર, જુવાર, બાજરો, તમામ પ્રકારનાં શાકભાજી અને ફળોના ભાવોમાં સરેરાશ ૧૫થી માંડીને ૭૦ ટકાનો ભાવવધારો નોંધાયો છે જેમની એક પણ કૃષિપેદાશમાં દેશમાં ક્યાંય વાયદા કારોબાર ચાલતો નથી. આ ઉપરાંત તુવેર, અડદ, ચોખા અને ખાંડના વાયદા પર સરાકારે પ્રતિબંધ લાદ્યો છે. અધૂરામાં પૂરું સરકારના પ્રતિબંધ બાદ પણ આ પેદાશોના ભાવ ૬૦થી માંડીને ૮૦ ટકા સુધી વધ્યા છે. સામા પક્ષે તેમણે ચણા, સોયાબીન, સોયાતેલ તથા રાઇ જેવી કૃષિપેદાશોના ભાવ રજૂ કર્યા હતા. આ ઉત્પાદનોમાં વાયદા કારોબાર ચાલતો હોવા છતાં કાં તો તેમના ભાવમાં માત્ર ચારથી ૨૦ ટકાનો વધારો નોંધાયો છે અથવા તો ભાવ પહેલાં કરતાં ઘટ્યા છે, જે સાફ સંકેત આપે છે કે ભાવવધારાને વાયદા કારોબાર સાથે કોઇ નિસ્બત નથી.

ભાવવધારા માટેનાં જવાબદાર કારણો રજૂ કરતાં તેમણે ઉમેર્યું હતું કે વીતેલી સિઝનમાં ખરાબ ચોમાસાને કારણે મકાઇ, સોયાબીન, મગફળી, એરંડા તથા બટાટા જેવી ખરીફ પેદાશોનાં ઉત્પાદન ૧૦થી ૨૦ ટકા જેટલાં ઓછાં થયાં છે, વળી સમયાંતરે છેલ્લાં બે વર્ષમાં સરકારે ચૂંટણી જેવાં રાજકીય કે અન્ય કારણોસર મકાઇ, તુવેર, મગ, અડદ, કપાસ, સોયાબીન, ઘઉં, ચણા તથા મસુર જેવી સંખ્યાબંધ આવશ્યક ચીજવસ્તુઓના ટેકાના ભાવ ૧૦થી માંડીને ૫૦ ટકા સુધી વધાર્યા છે જેની સીધી અસર જાહેર મંડીઓના ભાવો પર પડી છે.

આજે ઘણી કૃષિપેદાશો એવી છે જેના ભાવ વૈશ્વિક બજારોના આધારે વધઘટ થતા હોય છે. મકાઇ, સોયાબીન, સોયાતેલ ખાંડ તથા ઘઉં જેવાં ઉત્પાદનોના દાખલા જોઇએ તો એનસીડેક્સ ખાતે આ પેદાશોના ભાવ તથા વૈશ્વિક બજારોના અમેરિકન કૃષિ વિભાગે રજૂ કરેલા ભાવોમાં ભાગ્યે જ અડધાથી એકાદ ટકાની અસમાનતા જોવા મળી છે, ક્રૂડતેલ, સોયાબીન, પામતેલ, ચા, જવ, ખાંડ, ચોખા, રબ્બર, એલ્યુમિનિયમ, તાંબુ, સોનું, ચાંદી તથાકપાસ જેવી સંખ્યાબંધ કોમોડિટીના વર્લ્ડ બેંકે રજૂ કરેલા આંકડાના આધારે રામશેષને જણાવ્યું હતું કે છેલ્લા એક વર્ષમાં આ તમામ કોમોડિટીનાં વૈશ્વિક બજાર ભાવોમાં ૧૦થી માંડીને ૧૦૦ ટકા સુધીનો ભાવવધારો નોંધાયો છે ત્યારે ભાવવધારાની અસરથી ભારતને બાકાત રાખવાની કલ્પના કરી શકાય નહી.

પત્રકારો સાથેની વાતચીતમાં એનસીડેક્સના એમડી રામશેષને સપષ્ટતા કરી હતી કે છેલ્લાં ત્રણ વર્ષમાં સરકાર અમુક કૃષિપેદાશોના વાયદા બંધ કરી ચૂકી છે પરંતુ તેનો કોઇ અર્થ સર્યો નથી, ઊલટાના વાયદાબજારોના ભાવ તો મંડીઓમાં માગ તથા પુરવઠાની સ્થિતિ તથા તેની આગામી દિવસોમાં ભાવ પર પડનારી અસરનું ચિત્ર રજૂ કરતાં હોય છે. અર્થાત્ વાયદા માત્ર સંદેશાવાહક છે જેને મારી નાખવાથી ભાવ ઘટી જવાના નથી.